ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૫૯/૧૮-૧૯/ ૫૦૭ તારીખ : 25 JAN 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી રૂડાભાઈ બીજલભાઈ ચૌહાણ,
વતી નાનીભાઈ રૂડાભાઈ,
મુ.વાવડી(રાજગોરની)-૩૬૪ ૦૫૦,
તા.ઘોઘા, જી.ભાવનગર.
**મો.નં. ૯૬૬૪૭ ૦૬૯૦૫.**

કેસ નં.૧૫૯/૧૮-૧૯

**વિષય : નવા ખેતીવાડી વીજ કનેકશન મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૭/૧૨/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫૯/૧૮-૧૯/૫૮૪૪ તા.૨૯/૧૨/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫૯/૧૮-૧૯/૭૬ તા.૦૫/૦૧/૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ <u>તા.૧૯/૦૧/૨૦૧૮</u> નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **શહેર-૨ ભાવનગર.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**<u>નકલ રવાના</u>:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મામસા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal ... P.G.V.C.L. Bhavnagar.

## (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૫૯/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી રૂડાભાઈ બીજલભાઈ ચૌહાણ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૧૯.૦૧.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી પ્રવિણભાઈ નાજાભાઈ

પ્રતિવાદી :– શ્રી ટી. એમ. પંડયા, (કા.વા.)કાર્યપાલક ઈજનેર, શહેર–૨ વિભાગીય કચેરી, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી રૂડાભાઈ બીજલભાઈ ચૌહાણ, મુ.વાવાડી(રાજગોરની), તા.ઘોઘા, જી.ભાવનગરની નવા ખેતીવાડી વીજકનેકશન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૫૯/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૫૯/૧૮–૧૯/૫૮૪૪ તા.૨૯.૧૨.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૯.૦૧.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી વતી શ્રી પ્રવિણભાઈ નાજાભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી ટી. એમ. પંડયા, (કા.વા.)કાર્યપાલક ઈજનેર, શહેર–૨ વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની રજુઆત મુજબ તેઓએ વાવડી–આર ખાતે નવા ખેતી વિષયક વીજજોડાણની અરજી કરેલ, જેના ટેસ્ટ રીપોર્ટના પૈસા તા.૧૦/૦૬/૧૯૯૭ ના રોજ ભરેલ પરંતુ આજદીન સુધી સદર વીજજોડાણ મળેલ નથી. ઉપરોકત વીજજોડાણ માટે યોગ્ય કરી આપવા વિનંતી.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,**

૨.૧ અરજદારશ્રી રૂડાભાઈ બીજલભાઈ ચૌહાણ વતી નાનીભાઈ રૂડાભાઈ ચૌહાણ દવારા તા.૨૭/૧૨/૨૦૧૮ ના રોજ સીજીઆરએફ સમક્ષ કરેલ અરજી મુજબ તેઓ દવારા તા.૧૦/૦૩/૧૯[illegible] ના રોજ પહોંચ નં.૮૧૦૦૧ થી ટેસ્ટ રીપોર્ટના રૂા.૨૦ ભરપાઈ કરેલ છે.

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar

..૨..

૨.૨ સદર **વીજજોડાણની કાર્યવાહી** આશરે ૨૦ વર્ષ પહેલા હાથ ધરવામાં આવેલ હોય, મામસા પેટા વિભાગીય કચેરી ખાતે **રેકોર્ડ ઉપલબ્ધ ન થતાં, પેટા** વિભાગીય કચેરી દવારા તા.૧૬/૦૧/૨૦૧૯ ના રોજ જરૂરી સ્થળ તપાસ કરી, સ્થળ રોજકામ **કરેલ છે, જે આ સાથે** સામેલ છે.

૨.૩ **રોજકામમાં દર્શાવેલ** વિગત મુજબ માંગણીવાળા ખેતીવિષયક વીજજોડાણ માટે આ અગાઉ કોઈ કાયદેસરની રજુઆત **મામસા પેટા** વિભાગીય કચેરી કે અન્ય કોઈ વડી કચેરીને કરવામાં આવેલ નથી તેવું અરજદારશ્રીના સ્થળ પર હાજર **પ્રતિનીધી** શ્રી અશોકભાઈ ધીરૂભાઈ રૂડાભાઈ (પૌત્ર) દવારા જણાવેલ છે.

૨.૪ વધુમાં મામસા પેટા વિભાગીય કચેરી દવારા શ્રી રૂડાભાઈ બીજલભાઈ ચૌહાણને જરૂરી આધાર પુરાવા અને દસ્તાવેજી પુરાવા રજુ કરવા પત્ર નં.એમએસડી/ટેક/૪૬૪ તા.૧૭/૦૧/૨૦૧૯ થી જણાવેલ છે.

૨.૫ જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજુ થયા બાદ વીજજોડાણ માટેની આગળની કાર્યવાહી વહેલી તકે પુર્ણ કરવામાં આવશે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર રૂડાભાઈ બીજલભાઈ એ ગામ–વાવડી, જી.ભાવનગરમાં નવું ખેતીવાડી વીજજોડાણ માંગેલ. જેના માટે તેઓએ તા.૧૦/૦૬/૧૯૯૭ ના રોજ ટેસ્ટ રીપોર્ટ ભર્યાની પહોંચની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. આ માટે વાદીએ વીજજોડાણની અરજી કે અંદાજપત્ર ભર્યાના બીજા કોઈ દસ્તાવેજી પરુવા રજુ કરેલ નથી.

૩.૨ પ્રતિવાદી પાસે વાદીએ માંગેલ વીજજોડાણનો ૨૦ વર્ષ પહેલાનો રેકોર્ડ ઉપલબ્ધ નથી.

૩.૩ વાદી દવારા કરવામાં આવેલ રજુઆત અંદાજે ૨૦ વર્ષ જુની છે તેમજ કોઈ સંલગ્ન દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી આથી જી.ઈ.આર.સી. ના નોટીફીકેશન નં.૨/૨૦૧૧ ના કલોઝ નં.૨.૩૦(૩) " કાર્યનું કારણ ઊભું થાય તે તારીખ થી ૨ વર્ષ પછી નોંધણી કરાવેલ હોય ફરિયાદી ફોરમનો સંપર્ક કરવા હક્કદાર રહેતો નથી." મુજબ રદ થવાને પાત્ર છે.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૩ મુજબ ફોરમે કોઈ હુકમ કરવાનો રહેતો નથી."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (બી. જે. દવે) | (પી. એચ. માવાણી) | (એમ. આર. વજરીયા) |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ |
| | | પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :–૧૯.૦૧.૨૦૧૯

P.G.V.C.L. Bhavnagar. Grievance Redressal